ડાયાબિટીસ
બી.પી., 2D ઈકો
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325



LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા.૧૫-૦૧-૨૦૨૬, ગુરૂવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







# મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કાલે ભાવનગરમાં : કોર્પોરેશનના કરોડોના વિકાસ કામોનું ખાતમુહુર્ત કરશે

**જવાહર મેદાનમાં દિવ્યાંગોને સાધન સહાય કેમ્પમાં ઉપસ્થિત રહેશે, વરતેજમાં ક્ષત્રિય સમાજ દ્વારા મુખ્યમંત્રીનો આભાર અને અભિવાદન સમારોહ યોજાશે**

ભાવનગર,તા.૧૫

રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ભાવનગર આવી રહ્યા છે, તેઓના હસ્તે કરોડોના વિકાસ કામોના ખાતમુહુર્ત અને લોકાર્પણ યોજાશે. જયારે જવાહર મેદાનમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા આયોજીત દિવ્યાંગ સાધન સહાય કેમ્પમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહીને સાધન સહાયનું વિતરણ કરનાર છે. આ ઉપરાંત ક્ષત્રિય સમાજ દ્વારા વરતેજમાં નિર્માણાધીન મનહરકુવરબા વિધાસંકુલ ખાતે મુખ્યમંત્રીનો અભિવાદન સમારોહ યોજાયો છે.

આવતીકાલે તે.૧૬ ના રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભાવનગર આવી રહ્યા છે, ભાવનગર મહાપાલિકા દ્વારા ૧૫૦ કરોડના ખર્ચે થનાર વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવનાર છે જ્યારે ૫.૫૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે. તા.૧૬ને શુક્રવારે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને બે કાર્યક્રમ યોજાશે જેમાં મેઘાણી ઓડિટોરિયમ ખાતે કોર્પોરેશન આયોજીત ખાતમુહુર્ત અને લોકાર્પણ કાર્યક્રમ તેમજ જવાહર મેદાનમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા આયોજીત દિવ્યાંગ સાધન સહાય કેમ્પ થવાનો છે. સંભવતઃ કાલે બપોરે મુખ્યમંત્રી ભાવનગર આવશે અને બંને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.મુખ્યમંત્રીના આગમન અને તેમના અધ્યક્ષ સ્થાને યોજાનાર કાર્યક્રમના પગલે વહીવટી તંત્ર અને કોર્પોરેશન દ્વારા તડામાર તૈયારી હાથ ધરાઈ છે.



## મુખ્યમંત્રીના હસ્તે થશે વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત

અધેવાડાની સોસાયટીઓમાં પાણી વિતરણ માટે બીજી લાઈનનું ખાતમુહુર્ત, નિલમબાગથી કાળાનાળા રોડનું રિકાર્પેટીંગ, રૂવામાં કોમ્યુનિટી હોલ, ફ્લાય ઓવર બ્રિજ નીચે કડીયાનાકા તેમજ સરિતા સોસાયટીના નાકે બ્રિજ નીચે સ્પોટ્ર્સ એક્ટીવિટી કેન્દ્ર, અધેવાડામાં ડ્રેનેજ વિભાગનો સ્ટોર, હિલપાર્ક ચોકડીથી એન્જિનિયરિંગ કોલેજ સુધી ફોરટ્રેક પિક્ચુસી રોડ, શિવાજી સર્કલથી લાલા બાપા ચોક થઈ દુખીશ્યામબાપા સર્કલ સુધીના રોડનું રિકાર્પેટીંગ કાર્ય, તારસમીયા અને મહાદેવનગર ઈએસઆરની પાઈપ લાઈન અપગ્રેડેશનું કાર્ય સહિતના વિકાસ કામોનું ખાતમુહુર્ત મુખ્યમંત્રીના હસ્તે થનાર છે.

## રૂકાવટ કે લિયે ખેદ હૈ ! : સિટીબસ સેવા હજુ થોડા દિવસ નહી મળે

ભાવનગરની લાંબા સમયથી બંધ પડેલી સિટી બસ સેવાના સ્થાને અત્યાધુનિક બસો સાથેની સિટીબસ સેવા પુનઃ શરૂ થવા જઈ રહી છે, તેનો પ્રારંભ કમૂહર્તા ઉતરે થવાની પૂર્ણ આશા હતી, કોર્પોરેશન દ્વારા તમામ તૈયારીઓ થઈ ચૂકી છે પરંતુ ઉપરથી કાર્યક્રમ માટે વડાપ્રધાનનો સમય નહી મળતા હાલ પૂરતું લોકાર્પણ અટક્યું છે, નજીકના દિવસોમાં અલગથી કાર્યક્રમ દ્વારા સિટીબસ સેવાનો પ્રારંભ થશે. વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલ રીતે ભાવનગરની સીટી બસ સેવાનું લોકાર્પણ કરે તેવી સંભાવના જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પ્રારંભે એક માત્ર ભાવનગર શહેરને ખાસ યોજના તળે આ સિટી બસ સેવા મળનાર છે.

**મોટાભાગના ખેલાડીઓ ગામડાઓ-નાના શહેરોમાંથી આવે છે તેમનામાં લડવાની અને જીતવાની ભાવના છે : કપિલ દેવ**

# હણોલમાં આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ક્રિકેટર કપિલ દેવ, અભિનેતા અરૂણ ગોવિલ સહિતની હસ્તીઓ અને વિદેશીઓએ ઉડાડયા પતંગ










આત્મ નિર્ભર હણોલ મહોત્સવમાં ક્રિકેટર કપીલ દેવે ફટકાબાજી કરી હતી. સાથે કપીલદેવ ઉપરાંત અભિનેતા અને સાંસદ અરુણ ગોવિલે તેમજ વિદેશી મહેમાનોએ પતંગ ઉડાડ્યા હતા. જયારે ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા આત્મ નિર્ભર હણોલ મહોત્સવમાં ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા. કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા બાદ પણ પોતાના વતન પ્રત્યે ડો. મનસુખભાઈ માંડવીયાએ દાખવેલો પ્રેમ ‘હણોલ મહોત્સવ’ માં જોવા મળે છે. ત્યારે લીલા ગ્રુપના ચેરમેન શર્માએ ઉપસ્થિત રહી કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. માંડવીયા અને ગ્રામજનોને અભિનંદન સાથે શુભકામના પાઠવી હતી.

ભાવનગર,તા.૧૫

આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬નું આયોજન ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના હણોલ ખાતે કરવામાં આવ્યું હતું.જિલ્લા વહીવટી તંત્ર તથા ગુજરાત પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ મહોત્સવને ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવે ખૂલ્લો મુક્યો હતો.આ મહોત્સવમાં મેક્સિકો, મોરેસિયસ, ચિલી, બેલારૂચ, શ્રીલંકા, કોસ્ટારિકા, રશિયા, મલેશિયા અને સ્પેન જેવા દેશો તેમજ વિભિન્ન રાજયોમાંથી આવેલાં પતંગબાજોએ અવનવાં અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતાં.

કપિલ દેવે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવને ખૂલ્લો મૂકતાં જણાવ્યું હતું કે, આજે હિન્દુસ્તાન એક એવો દેશ છે જ્યાં ગામડાઓ શહેર જેવાં બની રહ્યાં છે.શહેર જેવી જ સુવિધાઓ હવે ગામડાઓમાં મળી રહી છે. છેલ્લા ૨૦ વર્ષનો ઈતિહાસ તપાસીએ તો પણ ખબર પડશે કે મોટાભાગના ખેલાડીઓ ગામડાઓ-નાના શહેરોમાંથી આવે છે તેમાંનામાં લડવાની અને જીતવાની ભાવના છે.તેમણે એમ પણ કહ્યું કે, દિલ તોડીને મહેનત કરશો તો અવશ્ય સફળ થશો, લોકોમાં ઈજ્જત પણ વધશે. જોશ અને પેશન તમારામાં હશે તો તમને કોઈ રોકી શકતું નથી. ગામડામાં શાળાઓ, કોલેજોની સાથે લોકોને રમવા માટેના ગ્રાઉન્ડ પણ હોવા જોઈએ.તેમણે ઉમેર્યું હતું કે, ક્રિકેટ મારો ભગવાન છે, હું જે કંઈ છું તે ક્રિકેટના લીધે છું. હિન્દુસ્તાન આજે બદલાઈ રહ્યું છે આગામી સમયમાં સારાં એવા ખેલાડીઓ હણોલ ગામેથી પણ મળી રહે તેમ પણ બને તેવી પ્રતિબદ્ધતા કપિલદેવે વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં રાજય સરકારના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા, ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, ગોંડલના જયરાજસિંહ જાડેજા, જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ, દેશ-વિદેશના પતંગબાજો, હણોલ તેમજ આસપાસના ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## મેક્સિકો,મોરેસિયસ સહિતના દેશો તેમજ વિભિન્ન રાજ્યોમાંથી આવેલાં પતંગબાજોએ અવનવાં અને આકર્ષક પતંગોના કરતબો કર્યા

## હણોલ આસપાસના ગામો માટે પ્રેરણારૂપ :સાંસદ અરુણ ગોવિલ



રામાયણ સીરીયલના રામના પાત્રથી લોકપ્રિય બનેલા અભિનેતા અને સાંસદ અરુણ ગોવિલે જણાવ્યું હતું કે, હણોલ ગામ આત્મનિર્ભરના રૂપમાં જાણીતું છે, અહીં આવીને જોયું ત્યારે ખબર પડી કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું જે વિઝન છે આત્મનિર્ભર ભારત બનાવવાનું ઉત્તમ ઉદાહરણ એટલે હણોલ ગામ. તેમણે કહ્યું કે, અહીંનું વાતાવરણ ખૂબ જ સુંદર છે એટલું જ નહીં અહીંના લોકો પણ પોઝિટિવ છે. હણોલ ગામ આસપાસના ગામો, શહેરો અને દેશ માટે પ્રેરણારૂપ બની રહેશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હણોલ ગામની પ્રશંસા કરતાં કહ્યું કે, અહીં આવવા માટે મને જે નિમંત્રણ આપવામાં આવ્યું હતું જેમાં સમગ્ર રૂટ આપ્યો હતો, મેં તે જોયો નહોતો પરંતુ અહીં આવ્યાં પછી મેં જોયું ત્યારે મને લાગ્યું કે અક્ષરસઃ જે લખ્યું હતું તેજ પ્રકારનું હણોલ ગામ છે. આ હણોલ મહોત્સવનું આયોજન કરવા બદલ કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને હણોલ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સ્થાનિકોને પ્રેરણા મળે તે માટે આત્મ નિર્ભર મહોત્સવનું આયોજન ; કેન્દ્રીય મંત્રી માંડવીયા



કેન્દ્રિય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર મહોત્સવનું આયોજન એટલાં માટે કરવામાં આવે છે કે અહીંના તેમજ આસપાસના લોકોને પ્રેરણા મળે. તેમણે કહ્યું કે, કપિલ દેવ ક્રિકેટ પ્રેમીઓ માટે પ્રેરણારૂપ છે ત્યારે અહીંના અનેક રમતવીરોને તેમના જીવનમાંથી પ્રેરણા મળશે. કપિલ દેવે ભારતને વિશ્વકપ અપાવીને ભારતનું નામ રોશન કર્યું છે. તેમણે કહ્યું કે, હણોલ ગામની એક દિકરીએ હેન્ડબોલ ગેમ્સમાં મનાલીમાં ઈન્ટરનેશનલમાં ભાગ લીધો છે, તેમજ આ જ ગામના એક દિકરાએ અંડર-૧૮મા ઉત્કૃષ્ટ દેખાવ કરીને હણોલનું નામ રોશન કર્યું હોવાનું જણાવ્યું હતું.

# રૂપાણી સર્કલ નજીક લોખંડના પાઈપ અને તલવારથી ફોરવ્હિલમાં તોડફોડ

**ઈન્સ્ટાગ્રામમાં બ્લોક કરતા મહિલાને મારી નાખવાની ધમકી, બે શખ્સો સામે પોલીસ ફરિયાદ**



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૫

ભાવનગરના રૂપાણી સર્કલ નજીક એક મહિલાના ઈન્સ્ટાગ્રામના મિત્રએ તે મને કેમ ઈન્સ્ટાગ્રામમાં બ્લોક કર્યો છે તેમ મહિલાને કહી ઉશ્કેરાઈ ભૂંડાબોલી ગાળો આપી મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને ફોરવ્હીલને નુકશાન પહોચાડ્યું હતું . આ મામલે ઘોઘા રોડ પોલીસ મથકે બે ઈસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, રૂપાણી સર્કલ નજીક આવેલ શાંતિજ્યોત બિલ્ડિંગ ફ્લેટમાં રહેતી શેરી ગુપ્તાએ ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા ધરાવતા નિત બારૈયા અને તેના એક અજાણ્યા સાથી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત ૧૩ જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે ફરિયાદી મીઠાઈ લઈને ઘરે આવી અને ફ્લેટની નીચે ઉભી હતી, ત્યારે નિત બારૈયા અને તેનો મિત્ર ટુ-વ્હીલર પર ત્યાં પહોંચ્યા હતા. આ સમયે નિત બારૈયાએ ફરિયાદીને પૂછ્યું હતું કે તેને ઈન્સ્ટાગ્રામ પર કેમ બ્લોક કર્યો છે. જેના જવાબમાં ફરિયાદીએ જણાવ્યું કે નિત બારૈયા ઈન્સ્ટાગ્રામ પર અશ્લીલ ગાળો આપતો અને વારંવાર જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાથી તેને બ્લોક કરવામાં આવ્યો હતો. આ વાત સાંભળતાં જ નિત બારૈયા ઉશ્કેરાઈ ગયો અને ભુંડાબોલી ગાળો આપવા લાગ્યો હતો. આથી ગાળો ન બોલવા કહેતા નિત બારૈયા અને તેના સાથીએ તલવાર અને લોખંડનો પાઈપ કાઢી ફરિયાદીની ફોરવ્હિલ ગાડીના આગળ-પાછળ તથા સાઈડના કાચ તોડી નાંખ્યા હતા. એટલું જ નહીં, લોખંડના પાઈપથી ગાડીનું બોનેટ તોડી ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

બનાવ દરમિયાન ચીસાચીસ થતા આજુબાજુના લોકો ભેગા થઈ જતા બંને આરોપીઓ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે નિત બારૈયા અગાઉ પણ વારંવાર ફરિયાદીનો પીછો કરતો અને ધમકીઓ આપતો હતો.આ સમગ્ર મામલે ઘોઘા રોડ પોલીસે નિત બારૈયા તથા એક અજાણ્યા ઈસમ વિરુદ્ધ બીએનએસ કલમ ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૪), ૭૮ તેમજ જીપી એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધ્યો છે અને પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# સોસિયાના સ્વામિનારાયણ ગુરુકુળમાં હાથફેરો કરનાર તસ્કરો ઝડપાયા

**ભાવનગર LCBએ ચોરીના મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપ્યા**



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૫

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ચોરીના મુદ્દામાલ સાથે તળાજા પંથકના બે આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ચોરી કરેલી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

LCB ને બાતમી મળી હતી કે સોસીયા ગામના વિશાલ વેગડ અને હરેશ દિહોરા રોકડા રૂપિયા સાથે ઉભા છે, જે ચોરી અથવા છળકપટથી મેળવેલા હોવાની શંકા હતી.આ બાતમીના આધારે તપાસ કરતા બંને શખ્સો મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા. તેઓ મુદ્દામાલ રાખવા અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. આથી, આ મુદ્દામાલ ચોરી અથવા છળકપટથી મેળવેલો હોવાનું જણાતા તેને શક પડતી મિલકત તરીકે તપાસ અર્થે કબજે કરવામાં આવ્યો હતો.ત્યારબાદ મુદ્દામાલ અંગે પૂછપરછ કરતા આરોપીઓએ કબૂલ્યું હતું કે, એકાદ મહિના પહેલા રાત્રે આશરે ૮ વાગ્યે સોસીયા ગામમાં આવેલા સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થામાંથી ઓફિસના દરવાજાનો લોક તોડી ટેબલમાં રાખેલા રોકડા રૂપિયાની ચોરી કરી હતી. ચોરી કરેલા રૂપિયામાંથી એક આરોપીએ મોબાઈલ ફોન ખરીદ્યો હોવાનું પણ જણાવ્યું હતું. આ અંગે કાયદેસરની કાર્યવાહી કરીને બંને આરોપીઓને વધુ તપાસ અને કાર્યવાહી માટે અલંગ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.